જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૧૫/૦૪/૨૦૨૧ ગુરૂવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૬૮૦/૨૦૨૧

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૪/૦૪/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૩૬૭ | ૫ | ૧૧૩૭૨ | ૧૭૪૮૭ | ૫ | ૧૭૪૯૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૦૫ | ૦ | ૪૭૦૫ | ૬૨૨૮ | ૦ | ૬૨૨૮ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૭૬ | ૦ | ૭૬ | ૨૮૭ | ૦ | ૨૮૭ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૩૪૨૦૦ | ૩૧૭ | ૩૪૫૧૭ | ૩૫૫૩૫ | ૩૦૨ | ૩૫૮૩૭ |
| કુલ | | ૫૦૩૪૮ | ૩૨૨ | ૫૦૬૭૦ | ૫૯૫૩૮ | ૩૦૭ | ૫૯૮૪૪ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૭૭ | ૮,૧૩,૮૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૪૩૦ | ૧૪,૩૦,૦૦૦/- |

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૬૮૧/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૫ કેસ કરી, ૧૧ વ્યક્તિઓને ઝડપી, ૫૮ લીટર દેશી દારૂ, ૭૭ બોટલ ઇંગ્લીશ દારૂ, ૧૫ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૩૬ બિયર ટીન, ૧ કાર અને ૧ રિક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી, ૧૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૫,૬૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૬૮૨/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૭૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**વિશ્વાસઘાતઃ-** **સમાચાર યાદી નં.૬૮૩/૨૦૨૧**

**ગોમતીપુરઃ** નિકેશ સ/ઓ સદાભાઈ રાઠોડ (રહે. જીવરામ ભટ્ટની ચાલી પોપટીયાવાડ પાસે ગોમતીપુર) એ તા.૧૪/૦૪/૨૦૨૧ ના રોજ ગોમતીપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૮/૦૪/૨૦૨૧ સવારના ૧૧/૦૦ થી સાજના ૭/૦૦ વાગ્યા દરમ્યાન ગોમતીપુર આર.કે.એપરલ પાર્કમાં શેડ.નં.એસ-૨૯ ખાતેથી આરોપી પુરસોત્તમ રામપાલ ખટીક (રહે.ખાડાવાળી ચાલી ટોપીમીળ ઢાળ પાસે ગોમતીપુર) એ પોતાની લોડીંગ રીક્ષામાં કંપનીના ચલણ મુજબનો SILVERTON PREMIUM 58.5*91-68 GSM ના કુલ-૧૦૫ રીમ તથા SILVERTON PREMIUM 63.5*91-68 GSM ના કુલ-૩૦૦ રીમ કુલ-૪૦૫ રીમ કિમત રૂપિયા ૯૦,૪૬૮/- લઇ જઇ કંપનીના માલની ડીલીવરી નહી આપી વિશ્વાસઘાત કર્યો છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એન.એચ.શેખ ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૬૮૪/૨૦૨૧**

**"એમ" ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ નઝમુલહુસેન સુબામિયા તીરમીજી (ઉ.વ.૭૭)** (રહે. ઝૈનબપાર્ક સોસાયટી જુહાપુરા સરખેજ રોડ વેજલપુર) તા.૧૩/૦૪/૨૦૨૧ સવારના ૯/૩૦ વાગ્યાના સુમારે રહેણાંક નજીક રસ્તો ક્રોસ કરતા હતા ત્યારે અજાણ્યા વાહન ચાલકે ટક્કર મારતા **નઝમુલહુસેન તીરમીજીને ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને ન્યુરો કેર હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૪/૦૪/૨૦૨૧ બપોરના 3/30 વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગેની ફરીયાદ મૃત્યુ પામનાર નઝમુલહુસેન તીરમીજીના ભાઈ ઈકબાલભાઈ તીરમીજી (રહે. લોટસ રેસીડન્સી કાગદીવાડ એલીસબ્રીજ) એ "એમ" ટ્રાફીક પોલીસ** સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એન.એન.પરમાર ચલાવે છે.

**વિજ કરંટ લાગતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૬૮૫/૨૦૨૧**

**ઈસનપુરઃ** જયેશભાઇ બાબુભાઇ રાવળ (ઉ.વ.૪૮) (રહે.મ.ન.૦૯ સુવિધા પાર્ક સોસાયટી દક્ષીણી સોસાયટી પાસે કાંસ ઉપર ઘોડાસર) તા.૧૪/૦૪/૨૦૨૧ સવારના ૧૦/૪૫ વાગ્યાના સુમારે રહેણાંકના બાજુના મકાનમાં પ્લંબીંગનુ કામ કરતા હતા ત્યારે વિજ કરંટ લાગતા પડી જતા સારવાર માટે તેમને એલ.જી.હોસ્પીટલ લઈ જતા ફરજ પરના ડોશ્રીએ મૃત જાહેર કર્યા હતા. આ અંગે ઈસનપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી વી.એન.પરમાર ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી